# અત્યંત ઉપયોગી, પર્યાવરણ–વૃક્ષ લીમડો

❖ સંકલન : ગોંડલિયા પુરણ એ.- (આસિ.શિક્ષક : ધરમપુર પ્રા.શાળા)

## ❖ પરિચય

લીમડાનું સંસ્કૃત નામ 'ભદ્ર' અને 'પારિભદ્ર' છે. ભદ્ર એટલે ભલું કરનાર. પારિભદ્ર એટલે ચારે તરફથી પરિપૂર્ણ કરનાર. લીમડાએ આપણા આંગણે આંગણે, ખેતરના શેઢે, રસ્તાઓ પર અને બાગબગીચામાં ઊગીને આપણું ઘણું ઘણું કલ્યાણ કર્યુ છે.

લીમડો કડવો છે છતાં એ આપણને મીઠો છાંયો આપે છે. શુદ્ધ, સાત્વિક અને આરોગ્યપ્રદ હવા આપે છે. વાતાવરણના ભેજ અને ગરમીનો નાશ કરે છે. એનાં અંગે અંગ આપણને નિર્દોષ ઔષધ આપી સ્વાવલંબી રાખે છે.

ચૈત્ર માસમાં આજે પણ ઘેર ઘેર લીમડાના કૂણાં પાન, કરમરિયાં અથવા ચૈત્રી પંચાગ (લીમડાનાં કોમળ પત્ર કે ફૂલ, મરી, હિંગ, સિંધવ, જીરુ અને અજમો)નું સેવન કરવાથી ચૈત્ર માસ કે વસંતઋતુમાં થતા રોગોનો પ્રતિકાર કરી શકાય તેવી માન્યતા છે; તે આપણો લીમડા સાથેનો સંબંધ પ્રતિવર્ષ તાજો રખાવે છે. ગુડી પડવાને દિવસે લીમડાના કોમળ પત્ર ભગવાનને પણ ધરવામાં આવે છે.

ડૉ. એક્રાઇડ, ડૉ. આર. એન. ખોરી, ડૉ. મેજર ડી. બી. સ્પેન્સર, ડૉ. વોરિંગ વગેરેએ લીમડાને મલેરિયાનું સિદ્ધ ઔષધ સાબિત કર્યુ છે. ડૉ. કારનિસ કહે છે : 'મેં સિંકોનાની છાલ, સોમલ અને લીમડાની અંતરછાલનો ક્રમશ: ઉપયોગ કરી એક સ્વતંત્ર રજિસ્ટર કર્યુ છે. મેં છ દિવસની અંદર મલેરિયાનાં ૬૦ દરદીઓ પર સીંકોનાનો પ્રયોગ કર્યો અને તેનું પરિણામ જોયું તો તેમાં ૪૬ દરદીને લાભ થયો છે. ૪૮ દરદીઓ પર સોમલનો પ્રયોગ કર્યો છે તો તેના પરિણામે ૨૯ દરદીઓને લાભ થયો છે. પછી છેવટે, ૨૩૪ દરદી પર જ્યારે લીમડાનો પ્રયોગ કર્યો છે ત્યારે માત્ર ૬ દિવસમાં ૧૯૯ દરદીને આરામ થયો છે, એટલું જ નહિં પણ મલેરિયા તાવથી શરીરમાં જે આશક્તિ હતી તે પણ નિવારણ થઈ છે અને શક્તિ આવી છે.

## ❖ ગુણદોષ

લીમડો ઠંડો, હળવો અને લૂખો છે. રસમાં કડવો છે અને કફ તથા પિત્તનું શમન કરે છે.

વ્રણ, કરમિયાં, વિષ, ચામડીના રોગો, તાવ, તરસ, અરુચિ, લોહીવિકાર, મધુમેહ (ડાયાબિટીસ), ઝાડા, વિસ્ફોટક (ફટકિયો તાવ), ગૂમડાં, શીળસ, ઊનવા, આંખો આવવી, દાંતના રોગો, મોં આવી જવું, કાનના

રોગો, મગજમાં જીવાત પડવી, મસૂડાના રોગો, ગળાના રોગો, રક્તપિત્ત, દૂઝતા મસા, શીતળા, કમળો, દાઝવું, ગોળો, આમવત, ખોટી ગરમી, ગાંઠ, સળેખમ, બરલ વધવી વગેરે રોગોમાં લીમડાનો ઉપયોગ કરવામાં આવે છે.

જખમ (વ્રણ), ચામડીના રોગો, તાવ અને કૃમિમાં લીમડો ઘણો ફાયદાકારક છે.

❖ **પ્રયોગ**

૧. **વ્રણ–જખમ–ગાંઠ :** (૧) કોઈ પણ સ્થાને ગાંઠ થઈ હોય તો લીમડાનાં પાન વાટી, ગરમ કરી બાંધવા અથવા તેની છાલ વાટી ગરમ કરી લગાડવી.

(૨) **ગૂમડું :** ગૂમડું પકાવવા માટે લીમડા સાથે મીઠું અથવા પારેવાની ચરક મેળવી, વાટી, ગરમ કરી લગાડવું અથવા તેના રસમાં કબૂતરની હગાર નાખેલી પોટીસ બાંધવી.

(૩) **વ્રણ :** વ્રણમાંથી પરુ ખેંચી લેવા, થોડું મોરથૂથું નાખેલ લીમડાના રસમાં હળદર મેળવેલ પોટીસ બાંધવી.

(૪) **વ્રણનો ચેપ :** વ્રણનો ચેપ અને ખજવાળ અટકાવવા લીમડાના ઉકાળાથી ધોવું અને લીમડાનો રસ બે-ત્રણ ચમચી પીવો.

(૫) **વ્રણરોપણ :** વ્રણને રુઝવવા લીમડાના ઉકાળાથી ધોઈ તેનાં પર સૂકાં પાનને બાળી તેની રાખ એરંડિયામાં કાલવી બનાવેલો મલમ લગાડવો. તેના પેન, હળદર અને જેઠીમધનું ચૂર્ણ મધમાં મેળવીને લગાડવાથી પણ તુરત રુઝ આવે છે.

(૬) **વ્રણમાં સડો :** વ્રણમાં સડો થયો હોય તો લીમડાના પાનને તલ સાથે વાટી તે કલ્ક લગાડવો અથવા તે કલ્કમાં પકાવેલું તેલ કે લીંબોળીનું તેલ લગાડવું.

## ૨. ચામડીના રોગો :

(૧) **ખજવાળ–ખૂજલી :** લીમડાના ઉકાળાથી સ્નાન કરવું અને તેનો રસ, ૨-૪ દાણા મરી નાખી પીવો. લીમડાના રસમાં પકાવેલું સરસવ તેલ કે લીંબોળિના તેલની માલિશ કરવી.

(૨) **ખરજવું :** લીમડાના પાનમાં સહેજ મોરથૂથું મેળવી, ગોમૂત્રમાં વાટી ચોપડવું. ગોમૂત્ર સાથે કે સ્વતંત્ર બેચાર ચમચી રસ રોજ સવારે પીવો. લીમડાના પાન ઉકાળી તેનાથી ખરજવું ધોવું.

(૩) **માથામાં ખોડો અને જૂ :** માથામાં ખોડો અને જૂ થયા હોય તો લીમડાના પાનનો લેપ કરવો. તેના ઉકાળાથી માથું ધોવું અને તેના બે ચમચી રસમાં ૨ મરીના દાણાનું ચૂર્ણ નાખી રાત્રે પી જવું.

(૪) **દાદર–દરાજ :** તેનાં પાન સાથે કૂંવાડિયાના બી વાટી ચોપડવાં અને લીમડાનો રસ બેચાર ચમચી રોજ સવારે પી જવો.

(૫) **વિસ્ફોટક :** લીમડાની કોમળ તીરખીથી પવન નાખવો. લીમડાના પાનનો ૫ ચમચી રસ, આમળાંની ભૂકી ૧ ચમચી, ગળોનો રસ ૧ ચમચી અને તેમાં ચપટી કાળીજીરી વાટીને દિવસમાં બે વખત પાવું.

(૬) **ખસ :** સરસિયું તેલ, કરંજ તેલ કે તલતેલમાં લીમડાનો રસ નાખી તેલ પકાવી લગાડવું અથવા થોડો ગંધક અને થોડું મોરથૂથું મેળવી, લીમડાનાં સૂકાં પાનની ચાર ગણી રાખ, ધોળાં મરી અને જૂનું કંકુ સરખે ભાગે મેળવી, કરંજતેલમાં મલમ કરી લગાડવું. ખસના દરદીને ઔષધ રૂપે લીમડાના પાનનો રસ કે છાલનો ઉકાળો આપવો.

(૭) **કોઢ–કુષ્ઠરોગ :** બધી જ જાતના કોઢમાં લાંબા સમય સુધી પરેજી પાળી લીમડાનો રસ પીધા કરવો અને તેના ઉકાળાથી સ્નાન કરવું.

(૮) **ગૂમડાં :** આખા શરીરે ગૂમડાં ફૂટી નીકળે ત્યારે લીમડાના રસમાં કે ઉકાળામાં થોડી હરડે મેળવીને પાવું અને તેના ઉકાળાથી દરદીને સ્નાન કરાવી, લીમડાના રસમાં કકડાવેલું સરસિયું તેલ લગાડવું.

## ૩. વિષ :

(૧) **સર્પવિષ પ્રતિકાર :** લીમડાનાં કોમળ પાંદડાંમાં સમાન ભાગે મસૂરની દાળ વાટી ચૈત્ર માસમાં રોજ પીએ તેને એક વર્ષ સુધી સર્પવિષ વગેરે વિષ ચડતું નથી.

(૨) **સર્પવિષ:** લીંબોળી, મોરથૂથું અને કાળાં મરી સરખે ભાગે લીમડાના રસમાં પીસી, ચણા જેવડી ગોળી કરી રાખી મૂકવી. જેને સર્પ કરડ્યો હોય તેની આંખમાં બાળકના મૂત્રમાં ઘસીને આંજવી અને ૧ થી ૨ ગોળી ઘીમાં પાવી. તે ગોળીના અભાવે લીમડાનો રસ કાઢી તેમાં મરીનું ચૂર્ણ નાખી, ઊલટી થાય ત્યાં સુધી ખાતાં રહેવું. સર્પવિષ ચડ્યું છે કે નહીં તે જાણવા લીમડો ચવરાવવો. કડવો ન લાહે તો વિષ ચડેલું માનવું.

(૩) **સ્થાવર–જંગમ કોઈપણ વિષ :** સિંધવ, મરી અને લીંબોળીના બી સરખે ભાગે મધ અને ઘી સાથે આપવાથી સ્થાવર અને જંગમ વિષ નાશ પામે છે.

(૪) **અન્ય ઝેરી જીવ :** ભમરી, કાનખજૂરો કે અન્ય ઝેરી જીવડાના કરડવાથી થતા દેહ અને સોજા પર લીમડાનાં પાન વાટી ઘી અને હળદર સાથે ચોપડવાં અને તે પાવું.

(૫) **વિષભક્ષણ :** કોઈ પણ પ્રકારનું ઝેર ખવાઈ ગયું હોય તો લીમડાનો રસ અને ઘી સતત પિવરાવી ઊલટી કરાવી નાખવી.

## ૪. તાવ-જ્વર :

(૧) **પિત્તજ્વર (ગરમીનો તાવ) :** ટેમ્પરેચર ઘણું વધી ગયું હોય ત્યારે લીમડાનાં પાન વાટી, થોડું કપૂર મેળવી માથે બાંધવા અને તેની અંતરછાલનો રસ એક-બે ચમચી બે વખત પાવો.

(૨) **વિષમજ્વર (ટાઢિયો તાવ–મલેરિયા) :** લીમડાની અંતરછાલનો ઉકાળો કરી તેમાં સૂંઠ અને ધાણાનું ૫ ગ્રામ ચૂર્ણ મેળવી સવાર-સાંજ આપવો, તે અક્સીર છે.

(૩) **જીર્ણજ્વર :** લીમડાની અંતરછાલ, ગળો અને કાળી દ્રાક્ષ સરખે ભાગે લઈ તેનો ઉકાળો આપવો.

(૪) **બાળકનો તાવ :** કૃમિના કારણે બાળકને આવેલા તાવમાં લીબોળીનો ઠળિયો વાટીને પાવો.

(૫) **વાતજ્વર :** વાયુના તાવમાં રોજ ૨-૩ વાર ૬-૮ લીંબોળી વાટીને પાવી.

## ૫. કૃમિ-કરમિયાં :

(૧) **કૃમિ :** દરદીએ ૨ થી ૪ લીંબોળી રોજ ખાવી. બાળકોના કરમિયામાં ૨ થી ૪ વાવડિંગ અને ૧ થી ૨ લીંબોળી વાટીનો પાવી. અથવા બકરીને લીમડાના પાનનો ચારો ખવરાવવો અને તેનું દૂધ વાવડિંગ નાખીને પાવાના ઉપયોગમાં લેવું.

(૨) **દંતકૃમિ :** કૃમિને કારણે ગળપણ ખાધા પછી દાઢ દુખતી હોય અને અવાળુ ફૂલતા હોય તો લીમડાનું દાતણ કરવું અને રાત્રે તેનો બે ચમચી રસ પીવો.

(૩) **મગજનાં કૃમિ :** રોજ સવારે અને સાંજે ૪-૪ લીંબોળી વાટી તેનાં ટીપાં નાકમાં નાખવાં અને તેનાં પાનનો રસ રોજ રાત્રે ૮-૧૦ દાણા મરી નાખીને પાવો.

(૪) **કૃમિનો ગોળો :** કૃમિના કારણે પેટમાં ગોળો ચડે ત્યારે લીંબોળી ખવરાવવી અથવા લીંબોળીના કલ્કમાં પકવેલ દિવેલ એક ચમચી  પાવું. એ જ તેલની પિચકારી પણ આપી શકાય.

(૫) **વ્રણમાં કૃમિ :** વ્રણમાં કૃમિ પડ્યાં હોય તો લીમડાનાં પાન સાથે હિંગ વાટી તેનો મલમ ચોપડવો.

## ૬. શીતળા :

(૧) શીતળાના વાયરા વખતે તેનાથી બચવા ઘરમાં લીમડાનો ધૂપ કરવો. તેનો ઉકાળો કરી ઘરમાં છાંટવો; બાળકોને તેના ઉકાળાથી નવરાવવાં. તેનો ૧ ચમચી રસ સવારે-સાંજે બાળકોને પાતાં રહેવું. બાળકનાં પારણે કે પથારીએ લીમડો બાંધવો અને પથારીમાં લીમડાનાં પાન પાથરવાં. (૨) શીતળા નીકળ્યા હોય તો તેને રુઝવવા લીમડાનાં સૂકાં પાનની બારીક રાખ પથારીમાં પાથરી તેના પર દરદીને સુવરાવવો અને ફૂટી ગયેલા દાણા પર તે રાખ લગાવવી. (૩) શીતળા ટંકાવ્યા બાદ રુઝ માટે પણ તલના તેલમાં લીમડાનાં પાન નાખી પકાવેલું તેલ અથવા લીંબોળીનું તેલ લગાડવું. લીમડાનો રસ ૧ ચમચી સવારે-સાંજે પાવો અને તેના ઉકાળા વડે બાળકને નવરાવવું.

## ૭. ઓરી-અછબડા :

આ રોગના વાયરા વખતે બાળકોનાં પારણાં પર અને ઘરમાં લીમડો બાંધવો. તે નમી ગયા બાદ તેના ઉકાળાથી દરદીને નવરાવવા.

## ૮. સળેખમ-શરદી :

તેમાં નાક બંધ થઈ જતું હોય તો લીંબોળીના તેલનું નસ્ય આપવાથી ઘણો ફાયદો થાય છે. તે ન હોય તો લીમડાનાં પાનમાં પકાવેલ સરસિયું કે તલતેલનું નસ્ય આપવું.

## ૯. કમળો :

લીમડાની અંતરછાલના બે ચમચી રસમાં કે ઉકાળામાં એક ચમચી મધ અને ચપટી લીંડીપીપરનું ચૂર્ણ મેળવી આઠ-દસ દિવસ આપવું. અથવા લીમડાનો રસ ગોમૂત્ર કે મૂળાના રસ માથે પાવો.

## ૧૦. કૉલેરાનો પ્રતિકાર :

કૉલેરાથી બચવા માટે લીમડાનાં ૧૦ ગ્રામ પાનમાં, ૧૦ ગ્રામ કપૂર અને ૧૦ ગ્રામ હિંગ મેળવી, વાટીને ગોળી કરવી. તેમાંથી ૫ ગ્રામ ગોળી રોજ રાત્રે ઊંઘતા પહેલાં ગોળમાં ખાઈ જવી. કૉલેરાના દરદીને પિંડીઓ પર તથા પગે લીંબોળીનું તેલ ચોળવું.

## ૧૧. લોહીવિકાર :

લીમડાનાં પાનનો રસ અથવા ઉકાળો આપવો અને તેનાથી સ્નાન કરવું.

## ૧૨. દાઝવું :

દગ્ધવ્રણ ઉપર ૧૦૦ ગ્રામ ઘી, ૧૦ ગ્રામ પીળી રાળ અને ૨ કિલો લીમડાનો રસ મેળવીને ઘી પકાવવું. ઠરે ત્યારે તેમાં કપૂર નાખી તે મલમ લગાડવો, અથવા લીમડાનાં સૂકાં પાનની રાખ, ૧૦૦ વાર ધોયેલા ઘીમાં મેળવી કપૂર ઉમેરીને લગાડવી.

## ૧૩. ઉરઃક્ષત :

૫-૭ લીંબોળી દિવસમાં બે વખત ખવરાવવી અથવા લીંબોળીના કલ્કમાં પકાવેલું ઘી ચટાડવું.

## ૧૪. અજીર્ણ :

મીઠા સાથે લીમડાનાં ફૂલ કે કૂણાં પાન ખાવાં.

## ૧૫. આમવાત :

દરદીને લીંબોળી ખવરાવવી અને લીમડાની પથારીમાં પરસેવો વળે તેટલો શેક આપવો. ઉપરાંત, સૂંઠ કે લીમડાની અંતરછાલનો ઉકાળો પાવો અને તેનાં બાફેલાં પાન જ્યાં વેદના હોય ત્યાં બાંધવાં

## ૧૬. લૂ :

લૂ લાગી હોય તેમાં અથવા લૂનો પ્રતિકાર કરવા લીમડાનાં કૂણાં પાન, આમલી તથા મીઠા સાથે વાટી ખવરાવવાં.

## ૧૭. હરસ-મસા :

લીંબોળીને લીંબોળીના તેલમાં કે તલતેલમાં બાળી, ખરલ કરી તેમાં સહેજ મોરથૂથું મેળવીને તૈયાર કરેલો મલમ મસા પર લગાડવાથી તે ખરી જાય છે. દૂઝતા હરસમાં લીંબોળીને મોળી છાશમાં  વાટીને પાવી.

## ૧૮. આંચકી :

લીંબોળીનું તેલ નાની ચમચી દરમ પાણીમાં પાવું અને માથાના તાળવે તથા પગના તળિયે ઘસવું અને નાકમાં તેનાં બે ટીપાં પાડવાં.

## ૧૯. શૂલ :

શૂલ નીકળતું હોય તે સ્થાનમાં લીંબોળીનું તેલ ચોળી, શેક કરવાથી આરામ થાય છે. અથવા લીંબોળી તથા લસણ વાટી ગરમ કરી તેનો લેપ લગાવવો.

## ૨૦. સોજો :

સાટોડી અને તાંદળજાનાં પાન સાથે લીમડાનાં પાન વાટી, હળદર નાખી ગરમ કરી તેનો લેપ લગાવવો.

## ૨૧. વાતરક્ત (રક્તપિત્ત – લેપ્રસી) :

શરીરે લીંબોળીનું તેલ ચોળવું. લીંબોળીનું તેલ એક ચમચી સવાર-સાંજ પાવું અથવા લીમડાની અંતરછાલનો ઉકાળો પાવો. તેનાં પાનના ઉકાળાથી દરદીને નવરાવવો તથા ચાંદાં પડ્યાં હોય ત્યાં તેનાં પાનની બારીક રાખ લગાવવી.

## ૨૨. સ્તન્યદુષ્ટિ :

ધાવણ બગડ્યું હોય તે સુધારવા અથવા તેને ઘટાડવા પાન વાટીને સ્તન પર લગાડવાં.

## ૨૩. અમ્લપિત્ત :

લીમડાનાં પાન કે મૂળને પીસીને બે ચમચી લઈ, તેમાં ૫ ગ્રામ હરડેની ભૂકી નાખીને પીવું.

## ૨૪. ઊનવા :

લીમડાનાં પાનનો ૨ થી ૩ ચમચી રસ લઈ તેમાં ૨ દાણા મરી અને ૧૦ ગ્રામ સાકર અથવા દ્રાક્ષ મેળવીને આપવું.

## ૨૫. આંખો આવવી :

(૧) **પ્રતિકાર રૂપે** : આંખો આવવાના વાયરા વખતે લીમઢાના ઉકાળાથી આંખો ધોવી, તેથી ચેપ લાગવાનો ભય રહેતો નથી.

(૨) **નેત્રદાહ** : દુખતી આંખોમાં ખૂબ બળતરા થતી હોય તો તેનાં પાન વાટી થેપલી મૂકી પાટો બાંધવો અને કપાળે લીમડાનાં કૂણાં પાન બાંધવાં.

(૩) **બાળકોની આંખો આવવી** : બાળકોને કૃમિના ઉપદ્રવ રૂપે આંખો આવી હોય તો તેમાં લીંબોળી વાટી સવાર-સાંજ પાવી તથા લીમડાનાં પાનના પાટા બાંધવા.

(૪) **આંખો દુખવી** : દુખતી આંખોમાં સોજો, પીડા અને બળતરા થતી હોય તો લીમડાનાં પાન વાટી હળદર નાખી, થોડા ગરમ પાટા બાંધવા.

## ૨૬ મુખરોગ :

મોંમા આવતી દુર્ગંધ, કૃમિના કારણે દાઢમાં થતી પીડા, પેઢાનો સડો અને પેઢામાંથી લોહી-પરુ આવવું (પાયોરિયા), કાકડા વધવા, મોં આવી જવું અને ગળામાં દાહ થતો હોય તે તમામ રોગોમાં, રોજ સવારે મોં સાફ કરી વેંત-દોઢ વેંતનું જાડું, કૂણું અને તાજું દાતણ ચાવવું અને તેના રસના ઘૂંટડા થૂંકી નાખવાને બદલે પી જવા. કાકડાના દરદીને લીમડાના બે ચમચી રસમાં ૧ ચમચી હળદરનું ચૂર્ણ અથવા બે ચમચી લીલી હળદરનો રસ મેળવી પાવું. તેથી ઘણો જ ફાયદો થશે.

## ૨૭. કર્ણપાક :

કાનમાંથી લોહી નીકળવું, પરુ નીકળવું કે ખજવાળ આવવી વગેરેમાં લીંબોળીનું તેલ કાનમાં નાખવું અથવા તેનાં પાનમાં પકાવેલ સરસવતેલનાં ૪-૬ ટીપાં રાત્રે નાખવાં.

## ૨૮. પ્રસૂતાને શેક :

સુવાવડી સ્ત્રીને શેક આપતી વખતે પથારીમાં લીમડાનાં પાન પાથરવાં.

## ૨૯. ચેપીરોગનો પ્રતિકાર :

કોઈ પણ ચેપી રોગને પ્રદરતો અટકાવવા ઘરઆંગણે લીમડાનું તોરણ બાંધવું. દરદી ની પથારી પાસે લીમડો રાખવો અને લીમડાનાં પાનનો સવારે-સાંજે ધૂપ કરવો.

## ૩૦. તૃષા, બળતરા, મોહ :

લીમડાની કૂંપળોને પાણીમાં ખૂબ વલોવવાથી જે ફીણ થાય તે ફીણનો દરદીના શરીરે લેપ કરવાથી તૃષા, બળતરા અને મોહ મટે છે.

निम्ब: शीतो लघुग्राही कटुस्तिक्तोडग्निवातकृत ।

अह्रद्यः श्रमतडकासज्वरारूचिकृमिप्रणुत ।

व्रणपित्तकफच्छर्दिकुषठह्रल्लासमेहनुत् ।

લીમડો ઠંડો, હળવો, ગ્રાહી, વિપાકે તીખો, રસમાં કડવો, જઠરાગ્નિને વધારનારો અને વાયુકારક છે. તે અપ્રિય (તેનો સ્વાદ હૃદયને અણગમતો) છે. થાક, તરસ, ઉધરસ, તાવ, અરુચિ અને કૃમિને મટાડે છે. ઉપરાંત તે વ્રણ, પિતત, કફ, ઊલટી, ચામડીના બધા જ રોગો, ઊબકા અને પ્રમેહને મટાડે છે

निम्बपत्रं स्मृतं नेत्रयं कृमिपित्तविषप्रणन् ।

वातलं कटुपाकं च सर्वारोचककुषठनुत् ॥

લીમડાનાં પાન આંખો માટે હિતકર, કૃમિ, પિત્ત અને વિષનો નાશ કરે છે. તે વાયુકારક, વિપાકમાં તીખાં, બધી જાતની અરુચિ અને બધી જાતના ચર્મરોગને મટાડે છે.

**नैम्बं फलं रस तिक्तं, पाके तु कटु भेदनम्।**

**स्निग्धं लघुषणं कुषठघ्नं गुल्मार्शकृमिमेहनुत्॥**

લીંબોળી રસમાં કડવી, વિપાકમાં તિખી અને મળાનું ભેદન કરનારી છે. તેનું તેલ, સ્નિગ્ધ, લઘુ અને ઉષ્ણ છે. તે ચામડીના બધા રોગો, ગોળો, મસા, કૃમિ અને મધુપ્રમેહને મટાડે છે.